# ભગવાન શ્રીકૃષ્ણની ગોર્વધન ધારણ લીલા

**ધર્મરંગ**

**વ્યોમા સેલર**

વ્રજવાસીઓ દ્વારા ઇન્દ્રરાજાની અવગણના થઇ તેથી ઇન્દ્રરાજા અત્યંત કોપાયમાન થયા. પોતાના યજ્ઞ બંધ રાખનારા વ્રજવાસીઓ તથા શ્રીકૃષ્ણને પોતાના સ્વામી માનનારા નંદ મહારાજ ખૂબ રોષે ભરાયા

પ્રાચીન કાળથી પૃથ્વી પરના માનવીઓ દ્વારા પરમેશ્વર, દેવી-દેવતાઓ માટે યજ્ઞ અનુષ્ઠાન, પૂજા-પાઠ વગેરે કરવામાં આવી રહ્યાં છે. પરમેશ્વરની કૃપા પ્રસાદ પ્રત્યે આભાર વ્યકત કરવા વિવિધ ઉપાસના કરવામાં આવે છે.


વ્રજભૂમિમાં ભગવાન શ્રીકૃષ્ણે પૃથ્વી તથા જીવાત્માઓના ઉદ્ધાર માટે અવતાર ધારણ કર્યો હતો. તેમની અનેક બાળલીલાઓ અત્યંત સુખદાયક તથા રહસ્યમય હતી. વ્રજભૂમિમાં શ્રી ગોર્વધન પર્વન આવેલ છે. જે અત્યંત પવિત્ર અને ભક્તિ પ્રદાન કરનાર આધ્યાત્મિક પર્વત છે. વ્રજના રહેવાસી વ્રજવાસીઓ દ્વારા દર વર્ષે દેવના રાજા ઈન્દ્રની પૂજા તથા યજ્ઞ કરવામાં આવતો હતો તેવું વર્ણન હિન્દુ ગ્રંથ શ્રીમદ્ ભાગવતમાંથી પ્રાપ્ત થાય છે.

દેવરાજ ઈન્દ્રના ગર્વને ખંડિતકરવા પરમેશ્વર શ્રીકૃષ્ણ ગોકુળના રાજા નંદમહારાજ તથા સમસ્ત વ્રજવાસીઓને ગિરિરાજ ગોર્વધનની પૂજા કરવા માટે અનુરોધ કર્યો હતો. એક દિવસ વ્રજના વાસીઓ તથા યશોદા મૈયા ઉત્તમ પ્રકારના સ્વાદિષ્ટ પકવાનો બની રહ્યા હતા. તે સમયે બાળ શ્રીકૃષ્ણ સહજભાવે માતા યશોદાને પ્રશ્ન કરતાં પૂછે છે હે માતા આ પકવાનો તથા કોની પૂજા માટે તૈયારી કરી રહ્યાં છે.

દેવરાજ ઈન્દ્રની પૂજા માટે અનુકૂટ તથા યજ્ઞની તૈયારી થઈ રહી છે. કારણ કે ઈન્દ્ર વર્ષા વરસાવે છે. તેના દ્વારા ખેતીમાં ધાન્ય તથા પશુઓ માટે ઘાસચારો પ્રાપ્ત થવાથી સૌનું ભરણ પોષણ થાય છે.

માતા યશોદાના ઉત્તરમાં બાળકૃષ્ણ કહે છે ગિરિરાજ પર્વત આપણી ગાયો માટે ઘાસચારો આપે છે. તેથી ગોવર્ધન પર્વતની પૂજા કરવી યોગ્ય ગણાશે. ઈન્દ્રદેવના દર્શન અતિ દુર્લભ છે. તથા તે તુરંત કોપાયમાન થઈ જાય છે. માટે આવા અહંકારથી દેવની પૂજા યોગ્ય નથી. લીલાધારીની લીલા તથા માયાના પ્રભાવથી વ્રજવાસીઓ ઈન્દ્રને સ્થાને ગોર્વધન પર્વતની પૂજા કરી તથા અન્નકુટ ધરાવી સૌ વ્રજવાસી એ પ્રસાદ ગ્રહણ કર્યો. ગિરિરાજીની પરિક્રમા કરીને વ્રજવાસીઓ ધન્યતા અનુભવી.

વ્રજવાસીઓ બળદો જોડેલા ગાડાઓમાં બેસી



સુંદર વસ્ત્રાભૂષણ ધારણ કરેલી ગોપીઓઓ ભગવાન શ્રીકૃષ્ણના ગુણગાન ગાતી ગિરિરાજ પર્વતની પૂજા કરી. આ વખતે શ્રીકૃષ્ણે ગોપીજનોમાં શ્રદ્ધા ઉતપન્ન કરવા અપૂર્વ વિશાળ સ્વરૂપ ધારણ કરી, હું ગોવર્ધન પર્વત છું. એવી ઘોષણ કરીને તેઓએ અર્પણ કરેલું સઘળા નૈવેદ્ય આરોગી ગયા.

વ્રજવાસીઓ દ્વારા ઈન્દ્રરાજાની અવગણના થઈ તેથી ઈન્દ્રરાજા અત્યંત કોપાયમાન થયા. પોતાના યજ્ઞ બંધ રાખનારા વ્રજવાસીઓ તથા શ્રીકૃષ્ણને પોતાના સ્વામી માનનારા નંદ મહારાજ ખૂબ રોષે ભરાયા. આ જંગલમાં રહેનારા ગોવાળિયા અને તેમણે એક સામાન્ય મનુષ્ય એવા કૃષ્ણનો આશ્રય લઈ દેવોના અપરાધ કર્યા છે. બહુ બોલકણા, બાલિશ, ગર્વિષ્ઠ પોતાને મહાપંડિત માનનારા ગોવાળિયાઓએ મારા પ્રત્યે માનહાનિ ભર્યું વર્તન કર્યું છે.

પોતાના અપનાનની અત્યંત વ્યથિત થઈ વૃંદાવન પર અત્યંત વિનાશ કરી સાંવર્તક નામના પલકારી મેઘો દ્વારા મૂશળાધાર વરસાદ વરસાવી વ્રજવાસીઓને શિક્ષા કરવાનો પ્રયત્ન કર્યા. મહાવિનાશકારી વર્ષાથી ગોપજના અત્યંત સંતાપ પામવા અને આશ્રય માટે શ્રીકૃષ્ણ પાસે ગયા. હે મહા ભાગ્ય કૃષ્ણ કૃપા કરીને આ ગાયોને ઈન્દ્રના કોપમાંથી બચાવો હે! ભક્તવત્સલ કૃપા કરી અમારું રક્ષણ કરો.

દયાળુ ભગવાન શ્રી હરિએ ઈન્દ્રના કોપથી રક્ષણ કરવા તથા ઈન્દ્રના ગર્વના ચૂરેચૂરા કરવા વિશાળ ગોવર્ધન પર્વતને પોતાની હાથની કનિષ્ઠ આંગળી પર ધારણ કરી વ્રજવાસીઓ તથા ગાયોને તેમની નીચે આશ્રય આપી રક્ષા કરી. વ્રજજનોની રક્ષણ માટે સતત સાત દિવસ સુધી પર્વત ઉંચકી પોતાના સ્થાનેથી જરા પણ ખસ્યા ન હતા. ભગવાન શ્રીકૃષ્ણ યોગ સામર્થ્યના દર્શન થવાથી ઈન્દ્રનો ગર્વ નાશ પામ્યો તથા પ્રભુ અપરાધ થવાતી શોભ અનુભવ્યો. શ્રીકૃષ્ણના ચરણમાં શરણાગતિ સ્વીકારી. પ્રભુ પાસે ક્ષમા માંગી, ભગવાનની પૂજા અભિષેક કરીને પ્રચંડ પ્રમાણમાં ભોગ અન્નકૂટ ધરાવી શરણાગત થયા. આથી જ પ્રાચીન કાળથી કારતક સુદ એકમ એટલે કે નૂતન વર્ષના દિવસે ગિરિરાજ અન્નકૂટ તથા પૂજાનો મહોત્સવ ઉજવવામાં આવે છે.

ગિરિરાજ ધરણ કી જય હો

---

# બીજો ઉંદર

**બાઉલ કથા**



**લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ**

યાત્રાના પ્રવાહમાં ફક્તનેડા બાઉલનો જ સંપર્ક કરતા કરતા જતા હતા. તેથી એકવિધતાથી કંટાળીને, સાથે રહેલા જતીન સુકર્મા બોલ્યો, ‘હવે અન્ય બાઉલનો મેળાપ કરાવો તો સારું!’ તેથી અમે નદી બદલી, દાર્જિલિંગની કૃતિ નદીના પૂર્વ કાંઠે બડા દિધિ ગામના કાંઠે રહેતા રાધુદાસના આશ્રમે જવાનું નક્કી કર્યું. તે જાત ગોસાની બાઉલ હતા. એક વર્ષ પહેલાં પણ અમે ત્યાં એક રાત્રીરોકાણ કરી આવ્યા હતા. જૂના પરિચિત હતા.

સાંજે પહોંચ્યા, થોડો સત્સંગ કરી, રાત્રે સૂઈ ગયા. રાત્રિના ઊંઘ જ ના આવે! આશ્રમમાં ઉંદરનો ખૂબ જ ત્રાસ હતો તેવું લાગ્યું. ઉંદરના સતત ઝઘડવાનો અવાજ આવતો રહેતો હતો. આશ્ચર્ય વચ્ચે સવારે ઊઠીને જોયું તો અમારી કોઈ ચીજવસ્તુ કે જણસને કોઈ નુકસાન થયું નહોતું.

સવારે ઊઠીને નિત્યકર્મ પૂર્ણ કરી, બાઉલ સાથે પુન્તો ભાત (એટલે કે ભાતનું ઓસામણ) લીધું.

રાધુને પૂછ્યું, ‘‘રાધુ! આશ્રમમાં ઉંદરનો ઉપદ્રવ છે?’’

તે બોલ્યો, ‘‘હા.’’

અમે કહ્યું, ‘‘પણ અમને આશ્ચર્ય છે કે ઉંદરે અમારા માલસામાનને કશી ય ક્ષતિ ન પહોંચાડી!’’

તે હસવા લાગ્યા અને બોલ્યા, ‘‘ભાઈ, જુઓ! તેઓ કોઈ પણ પદાર્થને નુકસાન નથી પહોંચાડતા, બસ, રાત્રી આખી, એકબીજાની પાછળ દોડે, અવાજ કરે, એકમેકને પડકાર ફેંકે! પકડાપકડી રમે!’’

અમે પૂછ્યું. ‘‘તો તે ભોજન શું લે? અને ક્યારે લે?’’ તે બોલ્યો, ‘‘ઝૂંપડીની બહાર, જે ચોખાનું કસ્તર, કણકી ફેંકી હોય, તે પરોઢે જઈ અને થોડી ખાઈ લે!’’

અમે તેની વાત સાંભળી, આશ્ચર્યથી તેની સામે જોયું, પૂછ્યું, ‘‘શું ઉંદર આવી રીતે કેળવાયેલા છે?’’

તે બોલ્યો, ‘‘ના, ભાઈ! આ ઋતુમાં અમે તેવું જ કરીએ છીએ?’’

મેં કહ્યું, ‘‘એટલે? કંઈક સમજાય એવી રીતે વાત કર!’’

તે બોલ્યો, ‘‘ભાઈ, હું જ્યારે દીક્ષિત થવા માટે અહીં આશ્રમમાં આવ્યો હતો ત્યારે આઠ વર્ષનો હતો. છ માસ પછી આ ધાન પાકવાની ઋતુ આવી. આશ્રમમાં એકમાત્ર ઉંદર હતો પરંતુ તે ખૂબ જ રંજાડ કરતો હતો! તે સમયે એક સવારે દિધિ ગામનો એક ગ્રામીણ ખેડૂત ઉંદરિયા સાથે, તેમાં એક ઉંદર લઈને નીકળ્યો. મારા ગુરુ રતનદાસે તેને પાસે બોલાવ્યો, કહ્યું, ‘‘તું ઉંદર છોડવા જાય છે ને?’’

પેલા માણસે હા કહી તો ગુરુ બોલ્યા, ‘‘તારા ઉંદરને અહીંયા આશ્રમમાં છોડી દે!’’

અમે બધા બાળ બાઉલ તો વિચારમાં પડી ગયા! અહીં આશ્રમમાં એક માત્ર ઉંદર છે, તે પણ આખી રાત તોફાન, ઉપદ્રવ મચાવે છે. ત્યાં ગુરુ વળી આ બીજો ઉંદર ક્યાં નોતરે છે? પણ ગુરુ સામે તો કશું બોલાય નહીં. તેથી મૌન રહ્યા. તે માણસે ઉંદરને આશ્રમમાં છોડી દીધો.



અમે બધા આવનારી મૂષક તાંડકમય, અશાંત રાત્રીનો વિચાર કરતા હતા. તે જ રીતે સાંજ પડી. રાત્રિના મૂષક મહારાજના અ વ ા જો થ ી આશ્રમ ગાજી ઊઠ્યો. અમે બધા તો ટેવાયેલા હતા એટલે સૂઈ ગયા. સવારે ઊઠીને જોયું તો આશ્રમ પર મુષક મહારાજની કોઈ અવળી અસર થઈ નહોતી! પરંતુ, રોજ જે કાપકૂપ થતી, નુકસાન થતું તેનાથી પણ ઓછું થયું હતું. અમે આશ્ચર્યથી ગુરુની સામે જોયું.

ગુરુએ કહ્યું, ‘‘બેટા આશ્રમના ચોખા અને દાળને નુકસાન બંધ થઈ ગયું ને? તું કારણ જાણે છે? આ ઉંદર નથી, મૂષક પંડિત છે!’’

અમે ગુરુ ભાઈઓએ પૂછ્યું, ‘‘એટલે?’’

ગુરુ બોલ્યા, ‘‘જો પંડિત એકલો હોય તો સહજ ચિત્ત, એકાંત સાધી, શાસ્ત્રનું આકંઠ પઠન કરતો હોય છે. પરંતુ જ્યારે બે પંડિત એકઠા થાય, ત્યારે તે અધ્યયન છોડી, પોથી છોડી, વાદવિવાદ વિતંડાવાદમાં અને નિરર્થક ચર્ચામાં ઊતરી જાય છે! શાસ્ત્રની પોથી અને અધ્યયન એક તરફ પડ્યું રહે છે! તે સમયે તેમને જ્ઞાન મેળવવા કરતાં એકમેકને ઉતારી પાડવાની તીવ્ર ઈચ્છા થાય છે! તે વ્યાકરણ, અલંકાર વગેરેના ઉપદ્રવમાં પડી જાય છે!

બસ બરાબર તેવું જ આ ઉંદરનું હોય છે! તે એકલો હોય ત્યારે, ધાન્યની પાછળ પડી જાય, ખૂબ ખાય, સાથોસાથ ખૂબ જ બગાડ કરે! પરંતુ બીજો ઉંદર મળે ત્યારે તે તેની સાથે ઝગડવામાં, પકડાપકડી કરવામાં, લાગી જાય છે! ધાન્ય કોરાણે રહી જાય છે અને બધો જ સમય તે વ્યર્થ ભાગાભાગીમાં ચાલ્યો જાય છે!

અમને ઉંદરની (તથા પંડિતની પણ) આ ખાસિયતની ખબર છે. તેથી જ તો મેં તે દિવસે ઉંદરિયામાં રહેલ, એકલા ઉંદરને છોડાવી, આશ્રમમાં તેને બીજા ઉંદર તરીકે દાખલ કરી દીધો. બસ હવે તે બંને ઉંદર અંદરોઅંદર ઝઘડશે, પકડાપકડી કરશે અને તે રીતે આપણી વસ્તુ આબાદ રહેશે!’’

વાતનું સમાપન કરતા રાધુ બોલ્યા, ‘‘તેથી જ તો કહેવત પડી છે, એકલો ઉંદર ખતરનાક પણ બે ઉંદર હોય તો કશું નુકસાન ન થાય!’’

અમે અકબંધ રહેલી અમારી વસ્તુઓ તરફ તાકીને જોઈ રહ્યા.

વાતનું સમાપન કરતા રાધુ બોલ્યા, તેથી જ તો કહેવત પડી છે, એકલો ઉંદર ખતરનાક પણ બે ઉંદર હોય તો કશું નુકસાન ન થાય!